### ભરૂચ મિલ્ક ઓડિટર ઓફિસના સ્પેશિયલ ઓડિટરને સમગ્ર કૌભાંડની તપાસ કરવા આદેશ અપાયો

# સુરતની સુમુલ ડેરીમાં 1000 કરોડના કથિત કૌભાંડમાં તપાસનો ધમધમાટ

નવગુજરાત સમય > સુરત

સુરતની સુમુલ ડેરી વહીવટમાં કરોડોના કૌભાંડ મામલે વિવાદોમાં સપડાયેલી છે અને સુમુલ ડેરીમાં 1000 કરોડના કૌભાંડ અંગે ખેડૂત આગેવાન દર્શન નાયક દ્વારા રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને સન 2021માં પત્ર લખ્યો હતો અને પૂર્વ પ્રમુખ દ્વારા લગાવવામાં આવેલા ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપોની તપાસની માંગ કરવામાં આવી હતી. સુમુલ ડેરીના પૂર્વ પ્રમુખ રાજુ પાઠકે રૂપિયા 1000 કરોડનું કૌભાંડ આચર્યું હોવાંનો પૂર્વ સાંસદ અને હાલમાં ડેરીના ચેરમેન માનસિંગ પટેલે આક્ષેપ કર્યો હતો. આ કેસમાં તપાસ સ્પેશિયલ ઓડિટર (મિલ્ક) મિલ્ક ઓડિટ ઓફિસ ભરૂચને સોંપવામાં આવતા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

સુરતની સૌથી જૂની અને સુરત તેમજ તાપી જિલ્લામાં ૧૦૨૦ જેટલી મંડળીઓ અને ૨.૬૦ લાખથી વધુ સભાસદો ધરાવતી પ્રતિષ્ઠિત સુમુલ ડેરી વહીવટ મુદ્દે વર્ષ 2021 માં વિવાદમાં આવી હતી. સુમૂલ ડેરીના તત્કાલીન પ્રમુખ રાજુ પાઠકે રૂપિયા 1000 કરોડનું કૌભાંડ આચર્યું હોવાનો આક્ષેપ પૂર્વ સાંસદ અને હાલના ડેરીના ચેરમેન માનસિહ પટેલે આક્ષેપ કર્યો હતો. તેમના પર આક્ષેપ એ હતો કે તેમને પોતાના માનીતા લોકોને ખોટી રીતે નોકરી પર રાખ્યા હતા. ડેરી પર કરોડોનો બોજો વધાર્યો હતો. આ ઉપરાંત પોતાના માનીતાઓને કરોડો રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપી ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો હતો. આવા ગંભીર આક્ષેપો સાથેનો પત્ર લખવામાં આવતા ભાજપના જ જુના અને નવા નેતાઓ વચ્ચે તત્કાલીન સમયે ખેંચતાણ શરૂ થઈ ગઈ હતી. બંને નેતાઓ વચ્ચે આંતરિક

**ખેડૂત આગેવાન દર્શન નાયકે દિલ્હી અને ગાંધીનગર સુધી ફરિયાદ કરી હતી**

### ગેરવહીવટ અને કથિત ભ્રષ્ટાચાર મુદ્દે સરકારે અગાઉ અહેવાલ મંગાવ્યો હતો




સુરત જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લી.(સુમુલ ડેરી) માં ગેરવહીવટ અને ૧૦૦૦ કરોડના કથિત ભ્રષ્ટાચાર મુદ્દે તપાસ સોંપાઈ છે. નિષ્પક્ષ તપાસ થાય તે હેતુથી જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ) સુરત અને સ્પેશિયલ મિલ્ક ઓડિટર, સુરત સિવાયના અન્ય તપાસ અધિકારીની નિમણુંક કરી તપાસ કરાવવા માગણી કરવામાં આવી હતી. આ રજૂઆત આધારે રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા રજીસ્ટ્રાર (સહકારી મંડળીઓ) પાસે અહેવાલ મંગાવવામાં આવ્યો છે.

### ફરિયાદીને તપાસના સંદર્ભમાં હાજર રહેવા ઓડિટરનું તેડું

આ બાબતોની તપાસ અંગે સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક) મિલ્ક ઓડિટ ઓફિસ ભરૂચ કચેરીને તપાસ સોંપવામાં આવતા આગામી 13 મી જૂનના રોજ તપાસની માંગ કરનાર ખેડૂતો આગેવાન દર્શન નાયકને રૂબરૂ સાંભળવા માટે બપોરે 12:00 કલાકે દૂધધારા ડેરીના કમ્પાઉન્ડમાં આવેલી કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

વિવાદ પણ ઉભો થતાં રાજકારણ ગરમાયું હતું.

બીજીતરફ ખેડૂત આગેવાન દર્શન નાયક દ્વારા તે સમયે વડાપ્રધાન અને ગાંધીનગર મુખ્યમંત્રી સુધી પત્રો લખીને માંગ કરી હતી. સીટની રચના કરી ભ્રષ્ટાચાર મામલે તપાસની માંગ તેમણે કરી હતી. કોંગ્રેસે પણ તે સમયે જિલ્લા સહકારી રજીસ્ટ્રારના વહીવટમાં આ ગેરરીતિ આચરવામાં આવી હોવાનું જાણવા છતાં આંખ આડા કાન કરી રહ્યા હોવાનો મુદ્દો ઉઠાવી તેઓની સામે પણ પગલાં ભરવા માંગ કરી હતી. ગરીબ પશુપાલક અને આદિવાસીઓનું શોષણ તેમજ ગરીબ પશુપાલકોનું શોષણ તેમજ કર્મચારી- પદાધિકારીને ખરીદી બધાને મૌન બનાવી દીધા હોવાની ગંભીર ફરિયાદ કરી હતી.